## જન્મદિને વધામણી



શિવલાલ જે સોલંકી
મો. ૯૪૨૯૦ ૨૭૮૨૨



સોનલબેન જિતેન્દ્રકુમાર શર્મા
મો. ૯૭૧૪૯ ૮૪૩૭૨



ટિકેન્દ્ર હિતલ પારેખ
મો. ૯૯૯૮૮ ૧૬૪૦૬

## જલારામ મંદિર ખાતે બાળકો યુવાનો માટે શિબિરનું આયોજન

### શ્રી જલારામ સેવા સમાજ, લોહાણા યુવા સંગઠન તથા પ્રતિભા એકેડેમીનું સંયુક્ત આયોજન : ૧૬મીથી શિબિરનો આરંભ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની જાણીતી સંસ્થાઓ શ્રી જલારામ સેવા સમાજ, લોહાણા યુવા સંગઠન તથા પ્રતિભા એકેડેમી તરફથી શ્રી જલારામ મંદિર, સેક્ટર-૨૯ ખાતે આગામી તા. ૧૬-૦૫-૨૦૧૭ થી તા. ૨૦-૦૫-૨૦૧૭ દરમ્યાન બાળકો અને યુવાનો માટે શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ શિબિરમાં વિવિધ ક્ષેત્રોના તજજ્ઞ દ્વારા ચેસ, ડાન્સ, રાયફલ શીખવાડવામાં આવશે. શિબિરનો સમય સવારે ૮.૦૦ થી ૯.૦૦ રહેશે. શિબિરમાં ઉપસ્થિત તમામ બાળકોને સર્ટીફીકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવશે.

આ શિબિરમાં ૫ વર્ષથી વધુ ઉંમરના બાળકો, યુવાનો ભાગ લઈ શકશે. રાયફલ શુટીંગ માટે ઓછામાં ઓછી વય મર્યાદા ૧૦ વર્ષની રહેશે. વહેલા તે પહેલાના ધોરણે મર્યાદિત સંખ્યામાં શિબિરાર્થી લેવાના હોવાથી શિબિરમાં જોડાવા ઈચ્છુક બાળકો, યુવાનોએ પોતાના નામ સત્વરે નોંધાવી દેવા. નામ નોંધાવવા માટે શ્રી જલારામ મંદિર-ફોન : ૨૩૨૨૩૬૧૪, નિલેષ પુજારા - ૯૮૨૪૨૬૦૨૮૬, પાર્થ ઠક્કર - ૯૮૨૫૬૦૮૭૪૪, સચિન ઠક્કર - ૯૭૨૩૨૩૫૬૭૮, ભાવેશ ઉદેચા -૯૪૨૮૦૪૯૫૮૧, પ્રિયંક ઠક્કર - ૯૪૨૯૬૧૯૫૨૧નો સંપર્ક કરવાનો રહેશે.

## ગુજકેટમાં વિદ્યાર્થીઓને બે ગુણનો લાભ

### ફિઝિક્સ-કેમેસ્ટ્રીના પેપરમાં એક, બાયોલોજીના પેપરમાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને એક ગુણ અપાશે

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી ગુજકેટની પરીક્ષા બાદ પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી છે. જેમાં વિદ્યાર્થીઓને પરિણામ પહેલા જ બે ગુણની લ્હાણી કરવામાં આવી છે. ફિઝિક્સ-કેમેસ્ટ્રીના પેપરમાં એક ગુણની ભુલ હોવાથી તેના એક માર્ક અને બાયોલોજીના પેપરમાં એક માર્કની ભુલ હોવાથી તેનો એક માર્ક આપવાનો નિર્ણય લેવાયો છે. જોકે, બોર્ડ દ્વારા હાલમાં પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી છે અને જો તેમાં કોઈ ભુલ હોય તો પુરાવા સાથે બોર્ડ સમક્ષ અરજી કરવાની રહેશે. ૧૫ મે સુધીમાં બોર્ડ દ્વારા આવી અરજીઓ સ્વિકારવામાં આવશે.

શિક્ષણ બોર્ડ દ્વારા ૧૦ મેના રોજ ડિગ્રી એન્જિનિયરીંગ તથા ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા લેવામાં આવી હતી. ગુજકેટની પરીક્ષામાં ગણીતનું પેપર ખુબ જ અઘરૂ રહ્યું હતું અને વિદ્યાર્થીઓ રીતસર રડી પડ્યા હતા. આ ઉપરાંત કેમેસ્ટ્રીનું પેપર પણ વિદ્યાર્થીઓને થોડુક અઘરૂ લાગ્યું હતું. પરીક્ષા પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા વિષય નિષ્ણાંતો પાસે ચકાસણી કરી પ્રોવિઝનલ આન્સર કી તૈયાર કરી જાહેર કરી છે.

પ્રોવિઝનલ આન્સર કીમાં વિદ્યાર્થીઓને બે ગુણની લ્હાણી કરવામાં આવી છે. સવારના સેશનમાં લેવામાં આવેલી કેમેસ્ટ્રી-ફિઝિક્સના પેપરમાં એક પ્રશ્નમાં ભુલ હોવાનું જણાઈ આવતા તે પ્રશ્ન માટે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના તમામ વિદ્યાર્થીઓને એક ગુણ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જ્યારે બાયોલોજીમાં પણ અંગ્રેજી માધ્યમના પેપરમાં એક પ્રશ્નમાં ભુલ હોવાનું જણાઈ આવતા તેમાં પણ અંગ્રેજી માધ્યમના તમામ વિદ્યાર્થીઓને એક ગુણ આપવાનું નક્કી કરાયું છે.

ગુજકેટની પ્રોવિઝનલ આન્સર કીને લઈને કોઈ રજૂઆત હોય તો બોર્ડ સમક્ષ ૧૫ મે સુધીમાં રજૂઆત કરી શકાશે. આ માટે પુરાવા સાથે બોર્ડને ઈ-મેઈલ કરવાનો રહેશે. ત્યાર બાદ રજૂઆતોની ચકાસણી કરી બોર્ડ દ્વારા ફાઈનલ આન્સર કી જાહેર કરાશે અને તેના આધારે ગુજકેટનું પરિણામ જાહેર કરવામાં આવશે.

### ડાયરેક્ટ સે

આખરે તો
'રાખ' જ થવાનું છે
તોય માણસ
જીવનભર
કેટલું બધું 'બળે' છે !
કેટલાં બધાંથી 'બળે' છે !

- કુંતલ નિમાવત

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય.

- સંપાદક

## વિજ્ઞાન પ્રવાહના પચીસ હજાર વિદ્યાર્થી પૂરક પરીક્ષા આપી શકશે

ગાંધીનગર, તા. ૧૩

શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા સાયન્સ ચોથા સેમેસ્ટરના પરિણામમાં ૨૫ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. હવે જૂલાઈ માસમાં આ તમામ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. સાયન્સની પરીક્ષામાં ગમે તેટલા વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપી શકતા હોય છે. જેથી ૨૫ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. આ માટે સ્કૂલોએ ૨૩ મે સુધીમાં વિદ્યાર્થીઓની સહી તથા જરૂરી ફી સાથે બોર્ડને યાદી મોકલવાની રહેશે.

સાયન્સ ચોથા સેમેસ્ટરનું બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં એ ગ્રુપમાં ૯૭૭૨ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. ઉપરાંત ગ્રુપ બીમાં ૧૫૩૫૪ અને એબી ગ્રુપમાં ૩ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આમ, સાયન્સમાં કુલ ૨૫૧૨૯ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જેથી હવે બોર્ડ દ્વારા સાયન્સમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા જૂલાઈ માસમાં લેવામાં આવશે.

સાયન્સમાં ગમે તેટલા વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપી શકતા હોય છે. જેથી તમામ ૨૫૧૨૯ વિદ્યાર્થીઓ જુલાઈની પુરક પરીક્ષા માટે એલિજિબલ ગણાશે. આ માટે બોર્ડ દ્વારા સ્કૂલોને સુચના આપી છે અને જે વિદ્યાર્થીઓ પુરક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતા હોય તેમની સહી તથા જરૂરી ફી સાથેની વિગતો બોર્ડને ૨૩ મે સુધીમાં મોકલી આપવા આદેશ કર્યો છે.

એક વિષયની પુરક પરીક્ષા આપવા માંગતા વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૧૦ ફી નક્કી કરાઈ છે. જ્યારે બે વિષય માટે રૂ. ૧૭૦, ત્રણ વિષય માટે રૂ. ૨૨૦ અને ત્રણ કરતા વધુ વિષય માટે રૂ. ૩૦૦ ફી નક્કી કરવામાં આવી છે. સાયન્સના પરિણામમાં એક વિષયમાં નાપાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૩૫૫ જેટલી છે. જ્યારે બે વિષયમાં ૭૭૪૭, ત્રણ વિષયમાં ૧૧૧૯૧, ચાર વિષયમાં ૩૧૧૭, પાંચ વિષયમાં ૧૩૦૫, છ વિષયમાં ૪૦, સાત વિષયમાં ૯૧, આઠ વિષયમાં ૨૦૧ અને નવ વિષયમાં ૮૨ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

## મધર્સ ડે નિમિત્તે મનભાવન રંગોળી






૧૪ મે નિમિત્તે દુનિયા મધર્સ ડે ઉજવી રહી છે ત્યારે ચિત્રકાર દિવ્યેશ વારા દ્વારા સુંદર રંગોળી તૈયાર કરીને આ ઉજવણીમાં પોતાનું યોગદાન આપવામાં આવ્યું છે. પ્રથમ રંગોળીમાં માતા અને સંતાનના પ્રેમનું દર્શન થાય છે અને બીજી રંગોળીમાં માને એક ભગવાન, સર્જકનું રૂપ ગણાવી તેની આસપાસ ૧૬ સંસ્કારો અને જીવનનું નિદર્શન કરવામાં આવ્યું છે.

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાહુબલિ-૨
૩.૦૦, ૬.૩૦
૧૦.૦૦

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૧૨.૩૦
સરકાર-૩
૩.૪૫, ૬.૪૫,
૯.૪૫

**સ્ક્રીન-૩**
મેરી પ્યારી બિંદુ
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦
૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(અંગ્રેજી, ૩ડી)
૫.૩૦

**સ્ક્રીન-૪**
સરકાર-૩
૧૨.૪૫

**સ્ક્રીન-૪**
સરકાર-૩
સવારે ૧૦.૦૦
બાહુબલિ-૨
૧.૪૫, ૫.૦૦, ૮.૩૦

## 'નીટ'માં અન્યાયને મુદ્દે વાલીઓ મુખ્યમંત્રીને મળશે

ગાંધીનગર, તા. ૧૩

મેડિકલમાં પ્રવેશ માટે તાજેતરમાં લેવામાં આવેલી નીટ મા ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના પ્રશ્નપત્રો અલગ અલગ પુછવાના મુદ્દે હાલ વિદ્યાર્થી-વાલીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. શુક્રવારે મોટી સંખ્યામાં વાલીઓએ ભેગા મળીને આગામી દિવસોમાં નીટના મુદ્દે મુખ્યમંત્રીને રજૂઆત કરવા ઉપરાંત આ મુદ્દે કોર્ટમાં રિટ કરવાનો પણ નિર્ણય કર્યો હતો. આમ, આગામી દિવસોમાં નીટના મુદ્દે અનેક પ્રકારના વિવાદો ઉભા થાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે નીટ ફરજિયાત કરવામાં આવી છે. ચાલુવર્ષે નીટના સ્કોરના આધારે જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. તાજેતરમાં સેન્ટ્રલ બોર્ડ દ્વારા નીટ યોજવામાં આવી હતી. જેમાં અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રશ્નપત્રો આપવામાં આવ્યા હતા. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને અપાયેલું પ્રશ્નપત્ર અઘરુ અને મુશ્કેલ હોવાથી મુશ્કેલી ઉભી થાય તેમ છે. આ મુદ્દે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા છેલ્લા વિરોધ પ્રદર્શન કરવાનું શરૂ કરાયુ છે. વાલીઓએ ભેગા મળીને સોમવારે ગાંધીનગર મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવાનો નિર્ણય કર્યો છે, ઉપરાંત હાઈકોર્ટમાં રિટ કરવાની તૈયારીઓ પણ શરૂ કરવામાં આવી છે.

બીજી બાજુ ગુજરાત બોર્ડના જ પરંતુ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓના વાલીઓએ ભેગા મળીને આગામી દિવસોમાં ગાંધીનગરમાં મુખ્યમંત્રીને રજૂઆત કરવાનું નક્કી કર્યુ હતુ. ગુજરાત બોર્ડના પરંતુ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓના વાલીઓના કહેવા પ્રમાણે બન્ને પ્રશ્નપત્રો અલગ અલગ હતા પરંતુ બન્નેમાં મુશ્કેલીઓ એટલે કે ડીફીકલ્ટી બરાબર હતી. પરંતુ હવે જો ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને નિર્ણય કરવામાં આવે તો ગુજરાત બોર્ડના જ પરંતુ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને અન્યાય થાય તેમ છે. આમ, એક જ બોર્ડના બન્ને માધ્યમમાં વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે પ્રકારની રજૂઆત મુખ્યમંત્રી સમક્ષ કરવાનું નક્કી કરાયુ છે. નીટ અંગે તાકીદે કોઈ ઉકેલ ન આવે તો આગામી દિવસોમાં વાલીઓ વચ્ચે પણ વિવાદો ઉભા થાય તેવી સ્થિતિ હાલમાં ઉભી થઈ છે.

## રાત્રીના ગાળામાં વધુ પડતી ઊંઘ પણ હાર્ટ માટે જોખમી

ગાંધીનગર, તા. ૧૩

રાત્રીના સમયે છથી આઠ કલાક ઊંઘ સ્વાસ્થ્ય માટે સારી એવી સામાન્ય માન્યતા છે, પરંતુ આ માન્યતાનો છેદ ઊડાડતું એક સંશોધન કરવામાં આવ્યું છે.

તાજેતરમાં જ કરવામાં આવેલા એક ચોકાવનારા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વધારે પડતી ઉંઘ પણ ખતરનાક સાબિત થઈ શકે છે. વધારે પડતી ઉંઘથી હાર્ટ સાથે સંબંધિત તકલીફ સર્જી શકે છે. ઉંઘના સંબંધમાં વારંવાર અભ્યાસ થતા રહ્યા છે. હવે ભારતીય મુળના વૈજ્ઞાનિકે ઘટસ્ફોટ કર્યો છે કે વધાર પડતી ઉંઘ અને ખૂબ ઓછી ઉંઘ બંને હાર્ટની સમસ્યા તરફ દોડી શકે છે. શિકાગો મેડિકલ સ્કૂલમાં મેડિશિનના પ્રોફેશર અને કાર્ડિઓલોજીના ચેરમેન રોહિત આર.અરોડાએ કહ્યું છે કે તેઓ અને તેમની ટીમ છેલ્લા કેટલાક સમયથી વધારે પડતી અને ઓછી ઉંઘને લઈને અભ્યાસ કરી રહી હતી. હવે એવું જાણવા મળ્યું છે કે રાત્રીગાળા દરમિયાન ૬ કલાકથી ઓછી ઉંઘ લેનાર વ્યક્તિમાં સ્ટ્રોક, હાર્ટ અટેક અને કન્જેસેટિવ હાર્ટ ફેલિયોર થવાના ખતરા રહે છે. આવી જ રીતે રાત્રી ગાળા દરમિયાન આઠ કલાકથી વધુ ઉંઘ લેનાર વ્યક્તિમાં પણ હાર્ટની સમસ્યા થઈ શકે છે. ખાસ કરીને છાતીમાં દુખાવા અને કોરોનરી આર્ટેરી રોગ થઈ શકે છે. લોહીના પુરવઠા અને ઓક્સિજનને હાર્ટ સુધી પહોંચારનાર ધમનીઓમાં તકલીફ ઉભી થઈ શકે છે. આ અભ્યાસના તારણો ખૂબ જ મહત્વપૂર્ણ છે. સંશોધકોએ નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રીશન એક્ઝામિનેશન સર્વેમાં ભાગ લેનાર ૪૫ વર્ષની વયના ઉપરના ૩૦૧૯ દર્દીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની તારણો આપવામાં આવ્યા છે.

અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ઓછી ઉંઘ લેનાર લોકોમાં સ્ટ્રોક અને હાર્ટઅટેકની સંભાવના રહે છે. બેઘણી વધુ સંભાવના રહેલી છે. આ ઉપરાંત કન્જેસ્ટીવ હાર્ટ ફેલિઓરની સંભાવના ૧.૬ ઘણી વધારે રહી છે. આવી જ રાત્રી ગાળા દરમિયાન આઠ કલાકથી વધારે ઉંઘ લેનારમાં કોરોનરી રોગની સંભાવના વધારે રહેલી છે.

આ અભ્યાસના તારણોના આધાર ઉપર કહી શકાય છે કે છથી આઠ કલાકની ઉંઘ વ્યક્તિના સ્વાસ્થ્ય માટે સારી તો નથી જ.

## જગતમાં સૌથી પહેલો અને સૌથી વધુ બોલાતો શબ્દ : મા

દૂધનો સાર ઘી છે, ફૂલોનો સાર મધ છે, ધર્મનો સાર ગીતા છે, સંસ્કૃતિનો સાર સંસ્કાર છે, ભક્તિનો સાર મુક્તિ છે, વેદનો સાર ઉપનિષદ છે એમ મમતા, વહાલ અને સ્નેહનો સમગ્ર સાર મા છે. માનો ખોળો એ તો પ્રેમની યુનિવર્સિટી છે જયાંથી સંતાનો જીવન જીવવાની જડીબુટ્ટનું એવું આજીવન પ્રમાણપત્ર પ્રાપ્ત કરે છે જેની આગળ બીજાં બધાં જ પ્રમાણપત્રો ગૌણ બની જાય છે.

માનો અર્થ સમજાવવાનો નથી પણ માને સમજવાની છે. દીકરા-દીકરીને ભણાવવા થીંગડું મારેલી સાડી પહેલી ચાર ઘરનાં કામ કરનારી કરૂણામૂર્તિ છે. તો પોતાનું મંગળસૂત્ર ગીરવી મૂકી વહાલસોયા દીકરા માટે મંત્રળસૂત્ર પહેરનારી લાવી આપનારી તે મંગળમૂર્તિ છે. મંગલ ભવન અમંગલ હારી... સ્મૃતિપટ્ટે આવી જ જાય છે. વાવાઝોડું પણ જયાં ઘડીભર થંભી જાય છે એ મા છે.

ખુદ ભગવાન પણ જો માનું ઋણ ચૂકવવા જાય તે તો એ પણ દેવાળિયો થઈ જાય. એટલે તો શ્રી પુનિત મહારાજશ્રીએ સૌને એક સુંદર શિખામણ આપી છે કે ભુલો ભૂલો બીજું બધું મા-બાપને ભૂલશો નહિં. માબાપ વિશેની આ કવિતાનો જોટો જડે તેમ નથી. એક વખત ધ્યાનથી આ કવિતા વાંચી જશો તો ચોખ્ખા ઘીનો શીરો ગળે ઉતરી જાય તેમ માનો અર્થ સમજાઈ જશે.

વર્ષમાં એક વાર માતૃદિવસ આવે છે ત્યારે આ એક કવિતા વાંચવાની સંતાનો માટે પ્રથા શરુ કરવામાં સમય પાકી ગયો છે. વર્ષમાં એક વાર આ કવિતા વાંચવાથી જીવનનાં ઘણાં વર્ષો સુધરી જાય એટલી તાકાત આ કવિતા ધરાવે છે. એક વાર તો આ કવિતા વાંચી જુઓ, સુખને એક અવસર તો આપો !

મા દેવકી, મા જશોદા, કૌશલ્યા, કુંતામાતા, જીજાબાઈ જેવા શ્રેષ્ટ માના ઉદાહરણોથી ઈતિહાસ ભરપૂર છે. સંતાનો માટે મા કાયમી વસંતઋતુ છે, પાનખર અહીં ડોકિયું પણ કરી શકતી નથી. સ્નેહની સરવાણી અહીં અવિરત વ્હાય જ કરે છે : મીઠાં મધુને મીઠા મેહુલા રે

### પ્રસંગસર
**પી એમ પરમાર**

લોલ... એથી મીઠી તે મોરી માત છે... જનનીની જોડ સખી નહિ જડે રે લોલ - કવિતા એથી તો આજે પણ ઘેર ઘેર સૌની માનીતી બની ગઈ છે. જગતમાં સૌથી પહેલો અને સૌથી વધુ બોલાતો શબ્દ મા છે.

મા અક્ષર એક છે, શબ્દ એક છે પણ એ ગ્રંથ સમાન છે. જગતની બધી ભાષાઓમાં માનો અર્થ મા જ થાય છે. છોકરો ભલે ને કલેકટર થઈ જાય... મા માટે તો તે બાળક જ છે. દુલા ભાયા કાગે સાચું કહ્યું છે કે : મોઢે બોલું મા, સાચેય નાનપ સાંભરે, મોટપથી મજા મને કડવી લાગે કાગડા.

તમે ખભે એક બે કિલોની ઈંટ બાંધી બે ચાર માત્ર બે ચાર કલાક એક જગાએ ઊભા રહી જુઓ.... જયારે મા તે નવ નવ મહિના તમારો ભાર લઈ એક પણ ફરિયાદ કર્યા વગર હોંશે હોંશે ઘરનું કામ કર્યે જ જાય છે. આવું તો માત્ર જ કરી શકે. મા તુઝે સલામ.

દીકરી વ્હાલનો દરિયો હોય છે, પૂત્રવધૂ તુલસીનો કયારો હોય છે જયારે મા આખા ઘરનો મોભ હોય છે - વળીઓને રાહત થાય છે. મા વગરની ઘરની કલ્પના તો કરી જુઓ ! ચાર રોટલા હોય અને ખાનાર પાંચ હોય તો બેટા તમે ખાઈ લો આજે તો મારે ઉપવાસ છે - એવું કહેનાર બીજું કોઈ નહિ એ મા જ હશે. આવું કહેતાં પણ માની આંખમાં તો હર્ષનાં આંસુ જ હશે. આ પંક્તિઓ યાદ આવી જાય છે :

આંસુઓનાં પડે પ્રતિબિંબ,
એવાં દર્પણ કયાં છે ?

કહ્યા વિના સઘળું સમજે, એવાં
સગપણ કયાં છે ?

સંતાનોનું આવું એકમાત્ર સાચું સગપણ મા છે વેદો પણ તેની સાક્ષી પૂરે છે : માતૃદેવો ભવ. માતાને દેવ સમાન માનો.

મંદિરની માને નવી નકોર ચુંદડી ચડાવે અને ઘરની ખુદની જનેતાને ચોધાર આંસુએ રડાવે ત્યારે એ સંતાન ભલેને અબજોપતિ હોય પણ તે ભિખારીથી કોઈ પણ રીતે ચઢિયાતો નથી. મોબાઈલમાં પોતાની માનો ફોટો હોય એટલા સંતાનો કદાચ આંગળીના વેઢે જ ગણી શકાય એટલા હશે. એટલે જ સ્તો અહીં એકાદ બાલમંદિર ખૂલે તે પહેલાં બે ચાર વૃદ્ધાશ્રમો ખુલી જાય છે ! હવે આ કરુણા કોને કહેવી?

દોસ્ત યાદ રહા, સગે ભાઈ કો
ભૂલ ગયા;
સાલી કા સાલગિરાહ ન ભૂલા,
માં કી દવા ભૂલ ગયા !

મા. માતૃભૂમિ અને માતૃભાષા તો ગંગા, યમુના અને સરસ્વતીજીનો ત્રિવેદી સંગમ છે. રામાયણમાં લંકાવિજય પછી શ્રીરામ અયોધ્યામાં પ્રવેશ કરે છે ત્યારે જે કહે છે તે કાન દઈને સાંભળજો :

અપિ સ્વર્ણમયી લંકા, ન મે
લક્ષ્મણ રોચતે
જનની, જન્મભૂમિશ્ચ સ્વર્ગાદ્પિ
ગરિયસી.

અર્થાત્ લંકાનગરી સોનાની હોવા છતાં ન ગમી પણ આ મા અને માતૃભૂમિ તો સ્વર્ગથી ય અધિક ચડિયાતાં લાગે છે. માના ચરણોમાં તારું સ્વર્ગ છે. એક સુંદર મુક્તકથી આ લેખનું સમાપન કરીએ :

જે મસ્તી હોય આંખોમાં,
સુરાલયમાં નથી હોતી,
અમીરી કોઈ અંતરની,
મહાલયમાં નથી હોતી;
શીતળતા પામવાને માનવી તું
દોટ કયાં મૂકે છે ?
જે માની ગોદમાં હોય છે તે
હિમાલયમાં નથી હોતી!




## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**